# જૈન શાસન (અઠવાડિક)

नमो चउविसाए तित्थयराणं उसभाइ महावीर पज्जवसाणाणं
आज्ञाराद्धा विराद्धा च शिवाय च भवाय च
सवि जीव करूं शासन रसी

## શાસન અને સિધ્ધાંત રક્ષા તથા પ્રચારનું પત્ર

મનુસ્મૃતિ/૨/૨૨૫
आचार्यश्च पिता चैव,
माता, भ्राता च पूर्वजः ।
नार्तेनाप्यवमन्तव्या,
ब्राह्मणेन विशेषतः ॥
દુઃખી હોય એવા પણ છાત્રોએ આચાર્ય, પિતા, માતા, ભાઈ અને પૂર્વજોનો (વડિલોનો) તિરસ્કાર ન કરવો જોઈએ એમાં પણ બ્રાહ્મણોએ વિશેષથી


**શ્રી જૈન શાસન કાર્યાલય**
શ્રુતજ્ઞાનભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર – ૩૬૧૦૦૫. (સૌરાષ્ટ્ર) INIDA
ફોન: ૦૨૮૮ – ૨૭૭૦૯૬૩

વર્ષ ૧૮

અંક ૩૭

# કયવન્નાશેઠનું સૌભાગ્ય

ચિત્રકાર : ભાસ્કર સગર, પુણે (હપ્તો - ૧૪)
લેખક : પૂ.મુનિશ્રી જિતરત્ન સાગરજી 'રાજહંસ'



आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च

# જૈન શાસન (અઠવાડીક)

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

1065

તંત્રીઓ :
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

લવાજમ : વાર્ષિક રૂા. ૧૦૦ ★ આજીવન રૂા. ૧૦૦૦ | વાર્ષિક પરદેશમાં રૂા. ૫૦૦ ★ આજીવન રૂા. ૫,૦૦૦

વર્ષ : ૧૮) ✻ સંવત ૨૦૬૨ શ્રાવણ સુદ - ૧૪ ✻ મંગળવાર, તા. ૦૮-૦૮-૨૦૦૬ (અંક - ૩૭

## પ્રવચન
## બ્યાશીમું
### પ્રકીર્ણક ધર્મોપદેશ

સ્થળ :
સં ૨૦૪૪, માગસર સુદ - ૧, રવિવાર, તા. ૨૨-૧૧-૧૯૮૭
ગુજરાતી સેવા મંડળ, માટુંગા, મુંબઈ.

**પૂ. આ. શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા**

*(શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કે સ્વ. પૂ. પ્રવચનકાર શ્રીજીના આશય વિરૂદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધ ક્ષમાપના. -અવ.)*

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ સહસ્ત્રાવધાની આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદર સૂરીશ્વરજી મહારાજા, આ ગ્રન્થ દ્વારા એ વાત સમજાવી રહ્યા છે કે શ્રી અરિહંત પરમાત્માએ ધર્મની સ્થાપના શા માટે કરી છે ? આ જગતના જેટલા જીવો છો તે બધા સુખના અર્થી છે અને દુઃખથી ભાગાભાગ કરે છે તો સાચું સુખ કયાં છે અને કઈ રીતના મળે જેથી દુઃખથી મુક્તિ થઈ જાય - તે વાત જો બરાબર સમજી જાય અને પછી આ ભયંકર સંસારથી છૂટી, સાધુધર્મ પામી, આજ્ઞા મુજબ પાલન કરી વહેલામાં વહેલા શાશ્વત સુખના ધામ મોક્ષ પદને પામે તે જ હેતુથી આ શાસનની સ્થાપના કરી છે.

આપણને સૌથી સઘળી ધર્મસામગ્રી સંપન્ન ઉત્તમ કોટિનો મનુષ્ય જન્મ મળ્યો છે. તે પણ આર્ય દેશમાં, આર્ય કુળમાં, આર્ય જાતિમાં, તેમાંય જૈન કુળમાં અને જૈન જાતિમાં. તે પણ એવી જગ્યાએ જયાં શ્રી જિનેશ્વર દેવોના મંદિરો છે. સુસાધુઓનું આવાગમન છે, સદ્ધર્મની વાતો રોજ સાંભળવા મળે છે કે 'આ સંસાર ભૂંડામાં ભૂંડો છે, મેળવવા જેવો એક મોક્ષ જ છે, તેનું સાધન આ સાધુધર્મ છે,' આટલી વાત જો બરાબર ખ્યાલમાં હોય તો આ સંસારમાં એક ક્ષણ પણ રહેવું પાલવે તેમ નથી.

પછી તેને સમજાય કે 'આ સંસારનું જે સુખ છે અને તે સુખનું સાધન જે સંપત્તિ છે તેની જરૂર પડે તે જ પાપોદય છે' તમને તે બે કેવા લાગે છે ? તે સુખ અને સંપત્તિ માટે તમે અસત્ય બોલો છો ? ચોરી કરો છો ? ખરેખર અંતઃકરણથી ના કોણ કહી શકે ? જે સુખ અને સંપત્તિ માટે આટલા પાપ કરવા પડે છે. તે પાપ કરવા છતાંય તે સુખ કે સંપત્તિ મળે જ તે ય નકકી છે ? તે બે પામેલો સુખી જ હોય તેમ પણ ખરૂં ? તે અંતરથી રિબાતો હોય ને? આજના મોટામાં મોટા શ્રીમંતને પૂછીએ કે તમારી પાસે ધન કેટલું છે તો તે એમ જ કહેને કે- 'કાંઈ જ નહિં!' પોતે મેળવેલા પૈસા પોતાની પાસે હોય તો તેને જાહેર કરવમાં શું પાપ લાગે ? આગળ જેની પાસે ક્રોડ હોય તે પોતાના ઘર ઉપર ધજા ચઢાવતો. જેટલા ક્રોડ તેટલી ધજા. જે કોઈ તેના દર્શન કરે તેમે ય લાગે કે 'મહાભાગ્યશાલી છે. ભૂતકાળમાં સારા કામ

કરીને આવ્યો છે. અહીં પણ સારા કામ કરે છે માટે મરીને સારી જગ્યાએ જવાનો છે.'

આજે જેઓ મોટા લોકોને સલામ ભરે છે, હાથ જોડે છે તેને પૂછો કે કેમ સલામ ભરી તો શું જવાબ આપે ? સલામ ન ભરીએ કે હાથ ન જોડીએ તો દાઢમાં રાખે તેવો છે, આવી તમારી આબરૂ છે ને ?

'આ દુનિયાની સુખ-સંપત્તિની જરૂર પડે છે તે પાપનો ઉદય છે, તે બે મેળવવા મહેનત કરવી તે ય પાપનો ઉદય છે. તે બે મળે તો આનંદ થાય તે ય પાપનો ઉદય છે, જાય તો દુઃખ થાય તે ય પાપનો ઉદય છે' આ વાતની ઘણાંને ખબર નથી. માટે મારે મરવાનું છે તે યાદ નથી. બધા ભલે મરતા હોય પણ હું મરવાનો નથી તેવો વિશ્વાસ કરીને બેઠા છે. મારે મરવાનું નક્કી છે, મરીને કયાં જવું છે તેનો વિચાર કર્યો છે ? અહીં સદા માટે રહેવાનું હોત તો મુંઝવણ ન હતી. પણ બધું મૂકીને જવાનું છે. હજારો સંબંધી પણ સાથે ન આવે, એકલાએ જ જવું પડે.

આપણે મરીને કયાં જવું છે તે નક્કી કોણ કરે ? ઘણાં તો બોલે છે કે 'ભગવાન લઈ જાય ત્યાં' તો તે અજ્ઞાન કહેવાયને ? ભગવાન કાંઈ લઈ જતાં હશે ? જવાનું આપણે છે તો ભગવાનનો દોષ શું કામ કાઢીએ ? એકલાએ જ જવાનું. ઘર-બારાદિ કોઈ ચીજ સાથે આવે નહિં. કયાં જવાની ઈચ્છા છે ? નરકાદિ ચાર ગતિ છે. કઈ ગતિમાં જવું છે ? 'મારે નરક કે તિર્યંચ ગતિમાં જવું નથી. ત્યાં ઘણાં દુઃખ છે માટે દુઃખના ડરથી નહિં, પરંતુ ત્યાં મોક્ષસાધક ધર્મની સામગ્રી ન મળે, આરાધના ન કરી શકું માટે. મારે દેવ કે મનુષ્ય ગતિમાં જવું છે ત્યાં ઘણી સુખની સામગ્રી છે માટે સુખના લોભે નહિં, પણ ત્યાં મોક્ષસાધક ધર્મની સામગ્રી મળે, ધર્મની આરાધના કરી શકું અને વહેલો મોક્ષમાં પહોંચી જાઉં- પછી કોઈ જ ઉપાધિ નહિં' આવો વિચાર આવે છે ?

તમને તમારા ઘરમાં પૈસો હોય તો તે કેટલો છે તેમ કહેવામાં ભય લાગે છે તે શાથી ? એક કાળે સારા માણસો શાહ કહેવાતા, પૈસાવાળા શેઠ કહેવાતા અને સત્તા સ્થાનવાળા સાહેબ કહેવાતા. શાહ એટલે મરી જાય તો ય જૂઠ ન બોલે, તેના ઘરમાં કોઈ ચીજ એવી ન હોય જે તેને સંતાડવી પડતી હોય. શાહ કદી જૂઠ બોલે? શેઠ એટલે તેને ઘેર જે જરૂરિયાતવાળો આવ્યા હોય તે ખાલી હાથે પાછો ન જાય. ભુખ્યો- તરસ્યો ન જાય. સાહેબ એટલે બધાનું ભલું કરે. આજે સ્થિતિ ફરી ગઈ. શાહ લોક પ્રામાણિક ન મળે, શેઠ સારા ન મળે, સાહેબ થાય તેટલું ભૂંડું કરે છે.

આવા જનમમાં આવી આવું કરે તે મરીને કયાં જાય ? આ દેશમાં તો ધર્મને માનનારા સમજે છે કે ઘણા પાપ કરે તે નરકે જાય, તેનાથી ઓછા પાપ કરે તે તિર્યંચમાં જાય. અહીંથી નરકમાં જવું છે ? તિર્યંચમાં જવું છે ? ના. તો નક્કી કરો કે આ જીવનમાં ગમે તેવો પ્રસંગ આવે જૂઠ બોલવું નથી, રાતીપાઈની ચોરી કરવી નથી અને સત્તા આવે તો અનેકનું ભલું કરવું છે, ભૂંડું કરવું નથી. સાધુ થયેલાને પાપ કરવાની જરૂર નથી, તમારે પાપ કર્યા વિના ચાલે તેમ નથી. ગૃહસ્થપણામાં પાપ કર્યા વિના ચાલે ? તમે નક્કી કરો કે હિંસા નથી કરવી તો અટકી શકો ? તમે કદી પણ જૂઠ બોલો ? લાખ મળતા હોય કે જતાં હોય તો ય જૂઠ બોલો ? ચોરી કરો ? કોઈના પણ ભૂંડામાં ભાગ લો ?

ભગવાન કહે છે કે, આ સંસાર રહેવા જેવો નથી. રહેવું પડે તો બે જ ગતિ સારી છે, મનુષ્ય અને દેવ. મનુષ્યગતિમાં પણ આર્યદેશાદિ મળે તો મોક્ષ સાધક ધર્મને કરવાની સામગ્રી મળે. દેવલોકમાં ધર્મ પૂરેપૂરો ન કરી શકાય પણ ધર્મ સમજવાની અને માનવાની શક્તિ છે. મોક્ષ ન થાય ત્યાં સુધી મોક્ષ સાધક ધર્મ કરી શકાય માટે આ બે ગતિ વિના બીજી ગતિ જોઈતી નથી, તે કેવી રીતે જીવે? ભુખ્યો મરે પણ અનીતિ ન કરે, તેને માર્ગાનુસારી જીવ કહ્યો છે.

(ક્રમશ)

હપ્તો - ૦૪

# મહાન જૈનાચાર્ય કાલકસૂરિ

ચિત્રકાર : ભાસ્કર સગર, પુણે

કથા : પૂ. મુનિ શ્રી જિતરત્નસાગરજી 'રાજહંસ'



**જીવનના પરમ સત્યો**   मायं च वज्जए सया ।

# માયા – પ્રપંચ હંમેશા છોડો

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ॥ ૧-૨૪ ॥

છૂપું છૂપું કરવાની આદત ઘણાં માણસોમાં જન્મજાત હોય છે. માયાનું આ પ્રારંભિક લક્ષણ છે. છાનું છાનું કરવામાં સફળતા મળતી જાય એટલે મોટી માયા સેવવાની હિંમત આવે છે. ઠગવિદ્યાનો ચટકો ભારે છે. એકવાર આ રસ્તે માણસ ઉતરી જાય પછી એને એવી મઝા પડવા લાગે છે કે તે ડગલે ને પગલે માયા સેવવાનો મોહ છોડી શકતો નથી. માયા તેનો પછડાયો બની જાય છે.

માયા અનાદિકાળથી આત્મામાં પડેલી હોય જ છે એટલે માણસે તેને ઉત્પન્ન કરવાની હોતી નથી. માયાનો વિકાસ જ કરવાનો હોય છે. નાનું બાળક ખોટું ખોટું રડવા દ્વારા માયાના વિકાસનું મંગલાચરણ કરે છે પછી તો આ માયા સેવનનો કેટલો વિકાસ એ બાળક કરશે તે કહેવું મુશ્કેલ હોય છે. દરેક માણસ પોતપોતાના ગજા અનુસાર માયાનો વિકાસ સાધે છે. વર્તમાનની દુનિયા માયાસેવન માટે ખૂબ અનુકૂળ છે. જે રમત રમી શકે તે આગળ વધવાને લાયક ગણાય, તેવી માન્યતા ચાલી પડી છે. એમાં રાજરમત આવી જાય, દેશરમત આવી જાય, સમાજરમત આવી જાય તો છેવટે કુટુંબ રમત કે હુંતોહુંતી રમત પણ આવી જાય. સંસાર તો આવી રમતોનો અખાડો છે જ. વાત હવે આગળ વધી છે. ધર્મરમત નામનો નવો શબ્દ પણ બહાર આવી રહ્યો છે. ધર્મમાં રમત, ધર્મના નામે રમત, ધર્મ દ્વારા રમત માયાનો પગપેસારો થાય એટલે તે સ્થાનમાં ધર્મની ગરિમા નાશ પામે છે. લોકો ધર્મને પણ શંકાની નજરે જોવા માંડે છે. માયા દ્વારા થતું આ નુકસાન ખૂબ જ ગંભીર છે.

સંસારમાં વધુ માયા- પ્રપંચ સેવી શકનારો માણસ મુત્સદ્દી કહેવાય છે. કયાંક કયાંક તેઓના સન્માન પણ થાય છે પણ ધર્મ માર્ગ માયાના પ્રવેશને અટકાવે છે. જીવનસૂત્ર બનાવવા જેવું આ આગમસૂત્ર કહે છે : માયા પ્રપંચ જીવનમાં કયારેય આચરશો નહિં. કોકના પ્રપંચનો ભોગ બની ગયા હો તો પણ તમે સામે માયા-પ્રપંચના દાવ ન ખેલશો. માયાવી માણસ પોતાનું અને બીજાનું : બધાનું બગાડે છે. કરી શકો તો કોઈનું સારૂં કરો. પણ માયા નામના પાપને આચરીને કોઈના જીવનમાં ઉલ્કાપાત- ઉથલપાથલ મચાવશો નહિં સરળતા ધર્મપ્રાપ્તિ અને ધર્મસાધનાનું મંગળદ્વાર છે. કુટિલતા- માયા ધર્મનાશનું પગથિયું છે. જ્ઞાનીપુરુષોની આ હિત શીખ છે.

(ક્રમશ:)

– પ.પૂ. ગણિવર્યશ્રી જયદર્શન વિજયજી મ.

## શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ

પબ્લીક ટ્રસ્ટ રજીસ્ટર નંબર : **A 2092**

શેઠ કરમચંદ જૈન પોષધશાળા, જય આદિનાથ ચોક, ૧૦૬, એસ. વી. રોડ, ઈર્લા બ્રિજ, વિલે પર્લે (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૫૬, ફોન : ૦૨૨ - ૨૬૭૧ ૨૬૩૧ / ૨૬૭૧ ૯૩૫૭

## જિન મંદિર જીર્ણોદ્ધાર કે નિર્માણ માટે લખો

**શ્રી જીર્ણોદ્ધાર - નૂતન જિનાલય બાંધકામ માટે જે ગામ - શહેરમાં**

૧) ૨૫-૫૦થી વધુ જૈનોના ઘરો હોય અને તે દર્શન- પૂજાની ભાવનાવાળા હોય.

૨) જયાં દેરાસર ના હોય અથવા જીર્ણ હાલતમાં હોય.

૩) જયાં આજુબાજુ ૧૫ મીનીટના અંતરે કોઈ દેરાસર ના હોય. અને જેમને નૂતન જિનાલય / જિર્ણોદ્ધાર માટે સહાયની આવશ્યકતા હોય, તેઓએ અમારા શ્રીસંઘનો સંપર્ક કરવા વિનંતી.

શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘો (શકય હોય તો) અરજી સાથે નીચેના દસ્તાવેજ સાથે મોકલો, જેથી અરજીના નિકાલમાં સુગમતા રહે.

✳ ચેરિટિ કમીશનર પાસે રજીસ્ટ્રેશન નંબર   ✳ આવક- જાવકના હિસાબ- સરવૈયું.

# કોણ મોટુ, મા કે પત્ની ?

કોંકણ પ્રદેશની આ લોકકથા છે. નાનકડું ગામ હતું. એક વિધવા બાઇને એકનો એક છોકરો હતો. એણે લોકોની મહેનત મજૂરી કરીને છોકરાને મોટો કર્યો. જયારે એને વૃદ્ધાવસ્થા આવી અને બહુ જ અશકત બની ગઇ ત્યારે તેણે પોતાના છોકરાને બોલાવ્યા અને કહ્યું, 'બેટા ! હવે હું થોડાક દિવસની મહેમાન છું. હવે બહુ જીવુ તેમ નથી માટે ઘરનો તમામ કારોબાર વહુને સોંપીને ભગવાનનું નામ લેવાની મારી ઈચ્છા છે.'

છોકરાએ કહ્યું, 'ઠીક, મા ! હું સવારથી સાંજ સુધી મહેનત કરી તારૂ પોષણ કરીશ.'

ડોશીએ છોકરાની સગાઇ કરી. સગાવહાલાને જમાડયા. ધામધુમથી લગ્ન થઇ ગયા. ગરીબ હાલતમાં પણ જાત મહેનત કરી એણે જે કંઇ બચાવ્યું હતું તે બધુ વહુને સોંપી દીધું અને કામકાજમાં નિવૃત્ત થઇ ગઇ.

થોડાક દિવસો તો સારી રીતે પસાર થઇ ગયા, પછીથી સાસુ પર વહુને ખીજ ચઢવા માંડી. સાસુ બાપડી કંઇ જ બોલતી નહિં પણ વહુને હવે તે અમથી અમથી નડવા લાગી. તેનું કારણ એ હતું કે ડોશી કંઇપણ કામ કરતી નહિં, તથા તેની પાસે હવે કંઇપણ ગલ્લો કે ધન દાગીના નહોતા. ડોશી બેઠા-બેઠા ખાતી તે વહુથી ખમાતું નહાતું. એ ઈચ્છતી હતી કે હવે ડોશી મરે તો સારૂ પણ એમ કંઇ મોત માગ્યું મળે છે ખરૂ ? વહુએ હવે તો તેને ખાવાનું પણ બહુ જ ઓછું આપવા માંડયું. તે સાસુની સાથે ચીડાઇને જ બોલતી એને ન તો પહેરવા પૂરા કપડાં આપતી કે ન તો એને આરામ કરવા દેતી, આમ છતાં ઘરમાં કલેશ ન થાય એ કારણે ડોશી આ બધું સહન કરી લેતી.

છોકરાને હંમેશા કામ માટે બહાર જ રહેવું પડતું હતું. રાતના થાકયો પાક્યો એ ઘેર આવતો ત્યારે એની પત્ની એવો વર્તાવ કરતી કે છોકરાના મનમાં માની જરાય ચિંતા થતી નહોતી. ઘરમાં સારૂ સારૂ ખાવાનું રંધાતુ ને પતિ-પત્ની બંને આનંદથી એ આરોગતા.

વહુ પતિને ફરિયાદ કરતી 'તમારી માને ફલાણું ભાવતું નથી, ઢીકણું પસંદ નથી, કોણ જાણે એમને શું ખાવાનું જોઈએ છે? મોંઢેથી બોલે તો ખબર પડે ને ? હું તો એ કહે એ રાંધી આપું તેમ છું.'

છોકરાને લાગતું કે મારી સ્ત્રી જેવી કોઇ સારી સ્ત્રી નથી. માની ઉંમર સાઠ ઉપર થઇ ગઇ છે, એટલે બુધ્ધિ બહેર મારી ગઇ હશે. બાપડી બાઈડીને બધુ સહેવું પડે છે. કયારેક એ માના ઓરડા આગળ જઇ પૂછતો, 'મા ! તે આજે ખીર કેમ નથી ખાધી?' ડોશી જવાબ આપતી, 'નથી ખાધી' એ ખોટું તો બોલી શકતી નહીં પણ ઘરમાં શું રંધાતુ કે ન રંધાતુ એ પણ જાણી શકતી નહીં.

આ બાજુ વહુ સાસુના વિષયમાં રોજ નવી નવી ફરિયાદો પોતાના પતિને કર્યા કરતી અને ઉપરથી કહેતી, 'હોય બિચારાને ઘડપણ છે કંઇ કહેતાં બહેતા નહિં.'

આ રીતે દિવસો પસાર થતાં ગયા. ડોશી દુઃખમાં રીબાવા લાગી પણ મોત આવતું નહોતું. હવે તો છોકરો પણ કંટાળી ગયો હતો. એક દિવસે સુવા માટે જતી વખતે મા ! તને ખાવાનું કેમ કંઇ ભાવતું નથી ? તારે શું ખાવું છે એ તો કહે ? વહુ બનાવી આપશે.'

ડોશીએ કહ્યું, 'ઠીક બેટા ! એને કંઇક આશા બંધાઇ. બીજે દિવસે એણે વહુને બોલાવવા ખૂબ બૂમો મારી ત્યારે વહુ મોંનો તોબારો ચઢાવીને આવી અને ખિજાઇને બોલી, 'શુ થયું છે કે આટલી બધી બૂમો પાડો છો ? તમને કોઇ લઇ જવા આવ્યું છે કે શું?'

ડોશી અચકાતા બોલી, 'વહુ બેટા ! મને થોડીક ખીર બનાવી આપને?'

વહુ વ્યંગમાં બોલી, 'હં.. ખીર ખાવી છે ! શું ઘડપણમાં જવાની લાવવી છે ?' આમ કહી વહુ ચાલી ગઈ તે સાંજ પડી પણ ન આવી. દીવાબત્તી કરવાની વેળા થઈ તો પણ તેણે સાસુની ખબર ન પૂછી. એ દિવસે તો એને પાણીનું એક ટીપું પણ ન મળ્યું. બાપડી ડોશી 'વહુ વહુ' કરતાં થાકી પણ ગઈ.

આ બાજુ સાંજે છોકરો ઘેર આવ્યો. વહુ એને આવકારવા બારણે જ ઉભી રહેતી. એ આજે નજરે પડી નહિં. છોકરો અંદર ગયો. જોયું તો ઘરના પાછલા દરવાજા પાસે બેસીને વહુ ધ્રુસકે ધ્રુસકે રડી રહી છે.

છોકરો નવાઈ પામી બોલ્યો, 'કેમ રડે છે ? શું થયું છે?'

થોડીકવાર રહીને વહુએ મોં ઉઘાડયું અને રડમસ અવાજે કહ્યું, 'તમારી મા આમતો રોજ મને સતાવે છે પણ આજે તો એમણે હદ કરી. મારાથી આ સહેવાતું નથી.'

'કેમ એવું તે શું બન્યું ?'

આજે હું માને ખાવા માટે પૂછવા ગઈ તો એ કહેવા લાગ્યા, 'મારે આજે તો 'ધોવ'ની ખીર ખાવી છે.' આમ બોલી તે ફરીથી રડવા લાગી.

કોંકણીમાં પતિને 'ધોવ' કહે છે અને ઘઉંને 'ગંવ' કહે છે. વહુએ આ શબ્દોનો ગોટાળો જાણી જોઈને કર્યો હતો. છોકરાથી આ સહન થયું નહિં. સીધો એ માના ઓરડામાં ગયો અને પૂછયું 'મા! તારે 'ધોવ'ની ખીર ખાવી છે ?'

મા ભૂખે અધમૂઈ થઈને પડી હતી. આ પ્રશ્ન એના કાનો સુધી પહોંચ્યો પણ છોકરાએ 'ધોવ' કહ્યું કે 'ગંવ' કહ્યું એનું એને ધ્યાન ન રહ્યું. ભૂખથી આકુળ વ્યાકુળ થતી એ બોલી 'હા બેટા!'

છોકરો હવે ક્રોધથી સમસમી ગયો. એણે નક્કી કર્યું કે આજે જ ડોશીને જીવતી સળગાવી દઈશ. આ ડાકણને તો હવે જીવતી રખાય ?

એ ઓરડામાં ગયો અને બે કોથળી લઈ આવ્યો. એકમા ડોશીને નાખી અને બીજામાં નારીયેળના છોડા ભર્યા. બંને કોથળા પીઠ પર ઉંચકીએ પહાડ ઉપર ગયો. નારીયેળના છોડાને ગોઠવી ચિતા ખડકી એના ઉપર ડોશીને બેસાડી. પાસે જ કાજુના ઝાડના કેટલાક પાંદડા પડયા હતાં. એનાથી ડોશીને ઢાંકી દીધી. હવે તેણે ચિતાને સળગાવવાની તૈયારી કરવા માંડી ત્યાં જ એને યાદ આવ્યું, 'અરે ! હું તો દેવતા લાવવાનું જ ભૂલી ગયો!' અંધારૂં થયું હતું. ડોશીને ત્યાં જ છોડી એ અગ્નિ લાવવા માટે ઘર તરફ દોડયો.

આ બાજુ ડોશી બેશુદ્ધ થઈને પડેલી હતી, પરંતુ એને પહાડની ઠંડી હવાથી તાજગી આવી. એણે આંખો ઉઘાડીને જોયું તો એ મામલો કળી ગઈ. હવે શું કરે ? ચૂપચાપ એ ત્યાંથી ઉઠી. પાંદડા, છોડા વગેરેનો ઢગલો હતો તેમનો તેમ જ એણે રહેવા દીધો. એ બાજુમાં આવેલ કાજુના ઝાડ ઉપર ચઢી ગઈ અને એમ છૂપાઈને બેસી ગઈ. છોકરો અગ્નિ લઈને આવી પહોંચ્યો. ચિતા હતી એમ જ ગોઠવેલી હતી. એક તો અંધારૂં અને જવાની ઉતાવળમાં એણે અગ્નિદાહ દીધો અને ઝટ ઝટ ઘર ભેળો થઈ ગયો.

ડોશીએ રાત ત્યાં જ વિતાવી કુકડાની પડેલી બાંગે જ એ જાગી ગઈ. એટલામાં એણે કોઈના બોલવાનો અવાજ સાંભળ્યો. એણે ઝીણી આંખે નીચે જોયું તો કેટલાક ચોરો અંદરોઅંદર કંઈક વહેચી રહ્યા હતાં. ચોરોને જોઈ ડોશીને ડર લાગ્યો. એના હાથ-પગ કંપવા લાગ્યા. આખું શરીર થર થર ધ્રુજવા લાગ્યું. આથી સૂકા પાંદડાનો ખડખડ અવાજ થયો. આ અવાજથી ચોર લોકો ગભરાઈ ગયા. એમને ડર લાગ્યો કે અમારો કોઈ પીછો કરી રહ્યું છે. એ તો બધી માલમત્તા ત્યાં છોડીને ભાગ્યા.

(ક્રમશઃ)

**શ્રી પ્રેમ-રામચંદ્ર - મહોદય - લલિત શેખર - મહાબળ - હેમભૂષણ સૂરીભ્યો નમઃ**

**શ્રી ગિરનાર શાશ્વતતીર્થની ગોદમાં શ્રી જુનાગઢ (ગુજરાત) મધ્યે**

# ઉપધાન - તપ

**નિશ્રાદાતા** - પ.પૂ. વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયકમલરત્ન સૂરીશ્વરજી મ.સા. ના પટ્ટધરરત્ન

## પ.પૂ. પ્રવચન પ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજય
## દર્શનરત્ન સૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિ

**ઉપધાન તપ શા માટે** - ઉપધાન તપ કર્યા વિના નવકાર ગણવાનો અધિકાર મલતો નથી. ઉપધાન વહના કર્યા વિના નવકાર વગેરે ભણે તે સર્વ તીર્થંકરોની તથા શ્રુતની આશાતના કરે છે. અને અનંત કાલ પર્યન્ત સંસારમાં પરિભ્રમણ કરે છે.

## ઉપધાનતપનું શુભ મુહૂર્ત

**પ્રથમ મુહૂર્ત** : આસો સુદ ૧૦ તારીખ ૨-૧૦-૨૦૦૬ સોમવાર

**દ્વિતીય મુહૂર્ત** : આસો સુદ ૧૨ તારીખ ૪-૧૦-૨૦૦૬ બુધવાર

**ઉપધાન માલા** : કાર્તક વદ ૧૪ તારીખ ૧૯-૧૧-૨૦૦૬ રવિવાર

આ ઉપધાન તપ વિશાળ પાય પર થનાર છે તો પ્રથમ - દ્વિતીય - તૃતિયા ઉપધાન વાલાએ નીચેના સરનામેથી સ્વીકૃતિ તુરત મેળવી લેવા વિનંતી.

*શ્રી જુનાગઢ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ*

આરાધના હોલ, ઉપર કોટ રોડ, હેમાભાઈનો વંડો,

**જુનાગઢ** - ૩૬૨૦૦૧ (ગુજરાત) ફોન : ૦૨૮૫ - ૨૬૨૨૯૨૪

**બહેનોને આરાધના** : પ્રવર્તિની પરમપૂજય સાધ્વીજી હર્ષિત પ્રજ્ઞાશ્રીજીના લઘુગુરુ ભગીની સાધ્વીજી **લક્ષિતપ્રજ્ઞાશ્રીજી** આદિ કરાવશે.

**નોટ : અનંત સિદ્ધોનો લાભ ગિરનારની તીર્થગોદમાં ઉપધાન કરવું એ ય જીવનનો લ્હાવો છે.**

શ્રી જૈન શાસન (અઠવાડીક) ❖વર્ષ : ૧૮ ❖અંક : ૩૭ ❖તા. ૦૮-૦૮-૨૦૦૬

# હું માણસ થાઉં તો ઘણું

*- પૂ. પં. શ્રી મહાબોધિ વિજયજી મ.*

વર્ષો પહેલાં એક શહેરમાં એક એવી હોસ્પિટલ ખુલી હતી... જે શહેરની બીજી બધી હોસ્પિટલો કરતાં અલગ પડી જતી હતી. આ હોસ્પિટલની વિશેષતા એ હતી કે એ હોસ્પિટલમાં રહેલા તમામ દર્દીઓના દર્દની ટૂંકી પણ પૂરી વિગત એ દર્દીની બેડ નીચે જ એક પાટીયા પર લખી દેવામાં આવતી હતી અને એ પાટિયું બેડ નીચે લટકાવી દેવામાં આવતું હતું. આ હોસ્પિટલની આ આગવી વિશેષતા હોઈ શહેરની બીજી સારી હોસ્પિટલો કરતાં આ હોસ્પિટલમાં દર્દીઓની અને મુલાકાતીઓની ભારે ભીડ રહેતી હતી.

એક દિવસ બાજુના શહેરના એક નામાંકિત સજ્જન આ હોસ્પિટલના ભારે વખાણ સાંભળીને તેની મુલાકાતે આવ્યા. હોસ્પિટલના ટ્રસ્ટીઓ એ સજ્જનને આખી હોસ્પિટલ બતાવવા સાથે આવ્યા. હોસ્પિટલના કુલ સાત માળ હતાં. પ્રત્યેક માળ પર જાત જાતના વિભાગો હતાં. એકેક માળ વટાવતાં તેઓ ચોથા માળે આવ્યા. આ માળના એક વિભાગમાં ચાર રૂમ હતી. દરેક રૂમમાં એકેક દર્દીનો ખાટલો હતો.

પે'લા સજ્જનભાઈ ટ્રસ્ટીઓ સાથે પહેલી રૂમમાં દાખલ થયા. દર્દી ખાટલા પર પ્રસન્ન ચહેરે બેઠો હતો. તેના ખાટલા નીચે લખેલું હતું કે 'આ દર્દીને ઘરમાં ગાદલા ઉંચા કરતાં ત્રણેક દિવસ પહેલાં એક વીંછી કરડયો હતો. તાત્કાલિક સારવાર મળી જવાથી દર્દીમાં ઘણી રાહત છે. આજે આ દર્દીને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવશે!

ભાઈ બાજુની રૂમમાં ગયા. આ રૂમમાં દર્દી ખાટલામાં સૂતો હતો. એના ચહેરા પર થોડી પીડાના ભાવ વંચાતા હતાં. એની ગાદી નીચે લખેલું હતું કે 'આ દર્દીને અઠવાડિયા પહેલાં ખેતરમાં જતાં સાપ કરડયો હતો. તેમણે બૂમાબૂમ કરી મૂકતા તેમના સગા-સંબંધીઓ તરત જ તેમને અહીં લઈ આવ્યા. નામાંકિત ડોકટરોની ટ્રીટમેન્ટ મળી જવાથી તેમનું સ્વાસ્થ્ય હવે સુધારા પર છે. ત્રણ- ચાર દિવસમાં જ તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવશે.

ત્રીજી રૂમમાં એ ભાઈ ગયા. અહીંના દર્દીની સ્થિતિ જરાક ગંભીર લાગી. દર્દી પથારીમાં નિશ્ચેષ્ટની જેમ સૂતો હતો. એક બાજુ ગ્લુકોઝના અને બીજી બાજુ ઓકિસજનના બાટલા ચડાવેલા હતાં. ડોકટરો, નર્સો અને દર્દીના સગાવહાલાની દોડધામ ચાલુ હતી. વચ્ચે વચ્ચે દર્દી કયારેક બુમો પાડી ઉઠતો હતો... આ દર્દીની પથારીનીચે લખેલું હતું કે 'આ દર્દીને ત્રણ અઠવાડિયા પહેલાં હડકાયું કૂતરુ કરડયું હતું... હોસ્પિટલમાં તેને લાવ્યા ત્યારે એની સ્થિતિ ખૂબ જ ડેન્જરસ હતી. એના બચવાની કોઈ જ સંભાવના ન હતી, પરંતુ સર્જન ડો. દવેના ગજબનાક પ્રયત્નોથી દર્દીના જીવમાં જીવ આવ્યો છે. કૂતરાના ઝેરના નિવારણ માટે ૧૪ ઈન્જેકશન દર્દીને આપવામાં આવ્યા છે. દર્દીનું જીવન બચી જવાની ૭૫% આશા છે, તો ૨૫% જોખમ પણ દેખાય છે. અલબત્ત દર્દીને બચાવી લેવા ડોકટરો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. આશા છે કે એ સફળ બનશે, દર્દી જીવી જાય તો ય મહિના પહેલાં તેને અત્રેથી રજા મળી શકે તેમ નથી.

અને એ ભાઈ છેલ્લી રૂમમાં ગયા. ત્યાં જઈને જે જોયું એ જોઈને એ સજ્જન ભાઈ તો સ્તબ્ધ જ થઈ ગયા. દર્દીને ચામડાની દોરીથી ચારે બાજુથી બાંધી દેવામાં આવ્યો હતો. છતાં એ પથારીમાં જોરશોરથી ઉછળતો હતો. વચ્ચે વચ્ચે બચાવો.. બચાવો... મારી નાંખો... મારી નાંખો જેવા લવારા કરતો હતો. આસપાસમાં ઉભેલા સંબંધીઓ રડતા હતાં. ડોકટરો પણ ઉદાસ ચહેરે

દર્દીને ટ્રીટમેન્ટ આપતા હતાં. વાતાવરણ પૂરૂં ગમગીન હતું.

એ દર્દીના બેડ નીચે લખ્યું હતું કે 'આ દર્દીને લગભગ બે મહિના પૂર્વે એક માણસ કરડયો હતો. અનેક જાતના ઉપચારો કરવા છતાં હજી એના દર્દમાં રાહત તો નથી, પણ દિન-પ્રતિદિન વધુને વધુ બગાડો થઇ રહ્યો છે. દર્દી જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાઇ રહ્યો છે. બચવાની કોઇ જ આશા નથી. માંડ એક-બે દિવસ કાઢશે' આવનાર સજ્જન તો આ બોર્ડ વાંચતાંની સાથે જ ધ્રુસકે ધ્રુસકે રડવા માંડયા.

વર્તમાનકાળના માનવીની ભયાનક વૃત્તિને દર્શાવતું આ દષ્ટાંત છે. વીંછી, સાપ, અને હડકાયા કૂતરાં કરતાંય આજનો માણસ અતિભયાનક બની ગયો છે તેનું સ્પષ્ટ દર્શન કરાવતું આ દષ્ટાંત છે.

કો'ક હિંદી કવિએ પણ આ જ મતલબને સમજાવતી વાત લખી છે....

आज कल के आदमीमें
इस तरह का विष भर गया है,
यह सूनकर विषधरो का वंश डर गया है ।
कल सूनेंगे
रास्ते में कोइ चलते गये थे,
आदमी के काटने से कोइ सर्प भर गया है ।

ગઇકાલ એવી હતી... સાપ માણસને કરડતો અને માણસ પરલોક ભેગો થઇ જતો, જયારે આજ એવી ભયાનક આવી છે... માણસ સાપને કરડે છે અને સાપ મોત પામે છે.

આજનો માનવ આવો સુંદર મનુષ્યભવ પામ્યા પછી મહામાનવ બનવાને બદલે કાળા કામો કરીને દાનવ બનવાના માર્ગે જઇ રહ્યો છે. એ કૃષ્ણને બદલે કંસ બની રહ્યો છે. એ રામને બદલે રાવણ થઇ રહ્યો છે. એ ભગવાનને બદલે શયતાન બની રહ્યો છે.

એટલે જ પ્રવચનના પ્રારંભે કહેલ શ્લોકના રચયિતા મહાપુરુષ આપણી સામે રેડ સિગ્નલ બનીને આવ્યા છે.

આ શ્લોક દ્વારા તેઓ જણાવે છે કે દરેક વ્યકિતએ પ્રત્યહં = રોજ અને પ્રત્યવેક્ષેત= જોવાનું છે. શું જોવાનું છે ? આમ જોવા જઇએ તો જોવાનું કામ તો આપણે રોજ કરીએ છીએ. અરે, આ દુનિયાને જોવામાંથી આપણે ઉંચા જ નથી આવતાં. માટે જ આ મહાપુરુષ કહે છે : દુનિયાને તો બહુ જોઇ, હવે જરા જાતને જોતાં શીખો. રોજ તમે તમારા ચરિત્રનો, તમારી જાતનો અને જીવનનો વિચાર કરો. શું વિચાર કરવાનો છે ? એનો ઉત્તર શ્લોકના ઉત્તરાર્ધમાં મળે છે :

किं नु मे पशुभिस्तुल्यं
किं वा सत्पुरुषैरिव ॥

હું જે જીવન જીવી રહ્યો છું એ કોઇ પશુને છાજે એવું છે કે સત્પુરુષને છાજે એવું છે ? હું અત્યારે જે જીવન જીવું છે એ એક સજજનને છાજે એવું છે ખરું ?

આટલો વિચાર દરેક વ્યકિતએ દરરોજ કરવો જોઇએ. જે વ્યકિત આ રીતે આત્મનિરીક્ષણ કરે છે કે આ વ્યતીત થયેલા ચોવીસ કલાકની અંદર હું જે જીવન જીવ્યો તે કેવું જીવ્યો ? ગઇકાલે સવારે ઉઠયો હતો અને આજે સવારે ફરી ઉઠ્યો, આ ચોવીસ કલાકની અંદર મેં શું કર્યું ? આ ચોવીસ કલાકની અંદર મેં કાયાથી ઘણી ઘણી પ્રવૃત્તિઓ કરી, મનથી ઘણાં વિચારો કર્યા અને વાણી દ્વારા ઘણી વાતો પણ કરી. મારા એ વિચાર, ઉચ્ચાર અને આચાર કોઇ પશુને છાજે તેવા હતાં કે કોઇ સજજનને છાજે તેવા ? મેં કરેલા વિચારો પાપની વૃત્તિથી ખરડાયેલા હતા કે પૂણ્યની વૃત્તિથી ? હું જે કાંઇ બોલ્યો તે મારી સરસ્વતીને શોભાવનારું હતું કે લજાવનારું ? મારી પાંચેય ઇન્દ્રિયો અને શરીરના તમામ અવયવો સતત સક્રિય રહ્યા છે, તો તે સક્રિયતાની અંદર મેં કરેલી પ્રવૃત્તિઓ સજજનને શોભે એવી હતી કે દુર્જનને? આટલો વિચાર દરેક વ્યકિતએ કરવાની જરૂર છે.

*(ક્રમશઃ)*

# આંશિક વાચનાના અંશો

વિતરાગ સર્વજ્ઞ પરમાત્માએ જે વસ્તુ કે પદાર્થના પરિણામ જે સ્વરૂપ હતા તે સ્વરૂપે જ્ઞાનથી જોયા અને સમજાવ્યા. તે પછી આપણને પ્રયત્નપૂર્વક આચરણા કરવાની કહી, તેઓએ મુક્તિ ફળ મેળવ્યું. આપણને યોગ્ય જાણી તેઓશ્રીએ મુક્તિ માર્ગનો ઉપદેશ આપ્યો. ભગવાને પોતાના ઘરનું કશું જ કહ્યું નથી જેવું જ્ઞાનમાં જોયું તેવું જ કહ્યું છે તેથી તેઓ પરમ વિશ્વસનીય બન્યા છે.

મેળવવા જેવો મોક્ષ, છોડવા જેવો સંસાર, અને મોક્ષ ન મળે ત્યાં સુધી પાળવા જેવું સંયમ કહ્યું છે. આવો મોક્ષ મળે શાથી? અર્થ-કામને મેળવવાનો પરિણામ છોડે તેથી મોક્ષ મળે. અર્થ કામના પરીણામને છોડાવી મોક્ષ સન્મુખ લઈ જાય એને ધર્મ પુરુષાર્થ કહ્યો, સાથે સંસારમાં રહી અર્થ- કામને છોડવાનો પુરૂષાર્થ કરે તેને સંયમ કહ્યું. આવું સંયમ પ્રાપ્ત થાય એટલે અર્થ-કામનો પરિણામ જે પાપ સ્વરૂપ છે તે ખલાસ થાય. દાન, શીલ, તપ , ભાવ રૂપ ધર્મ થતો જાય તો અર્થ-કામ સ્વરૂપ અવિરતી ઘટતી જાય. અવિરતી ઘટતી જાય એટલે પાપ રહીતની અવસ્થા પ્રગટતી જાય, એટલે વિરતી સન્મુખતા આવતી જાય. આથી ચારિત્ર મેળવવા માટે તરફડતો હોય તે શ્રાવક, અને વીતરાગપણું મેળવવા માટે ઝુરતો હોય તે સાધુ. પૂર્વસેવાથી માંડી તેની આગલી દરેક અવસ્થામાં જવાનો તરફડાટ કંઈક જુદો જ હોય. એ મુજબની કરણી કરવાથી તે નિર્જરા પામી આગળ આગળ વધતો જાય. આશ્રવના સ્થાનને આશ્રવ તરીકે સારી રીતે ઓળખી આશ્રવની સઘળી તાકાત ખલાસ કરવા યત્નશીલ બને અને પાપ સ્વરૂપ પરિણામનો સંવર કરી નિર્જરા તરફ આગળ વધે છે.

ગૃહસ્થપણામાં અર્થ કામની નિર્જરા થાય શી રીતે ?

જેમાં જિનવયણે વાત્સલ્યની ભાવના, ભાવવાથી નિર્જરા થાય છે. વાત્સલ્ય એને રામજન્ય પરિણામ હોતે છતે જેને જોવા માત્રથી, સ્મરણ કરવા માત્રથી, સાંભળવા માત્રથી, હૈયે વસાવવા માત્રથી આનંદ થાય છે. રાજીપો થાય છે. એ રાજીપો એવો થાય છે કે તેના જેવી દુનિયામાં બીજી ઉંચી એકેય વસ્તુ છે જ નહિં, આવો પરિણામ જાગે તો આ વચન હૈયેથી ઝીલવાનું મન થાય અને તે વચન બહુમાનપૂર્વક જ સ્વીકારે. આજ જિનવચન તે જિનાજ્ઞા. આજ્ઞાને હૈયાપૂર્વક માને, સ્વીકારે અને રાજી થાય તેને જિનવયણે વાત્સલ્ય કહ્યું. આજ્ઞાને આવશ્યક બનાવે તો નિર્જરા ઢગલા બંધ થાય. જંબુદ્વીપમાં રહેલા જેટલા પર્વતો છે તે સૌ નાના બનાવી દઈએ અને તે સર્વેનું દાન કરવા છતાં પણ એક દિવસના પાપનો ખાત્મો તેટલા દાનથી થતો નથી સંસારના એક દિવસનું છ જીવનિકાયના પાપનો ખાત્મો કરવાનું સામર્થ્ય એક પ્રતિક્રમણમાં છે, શ્રાવક ધર્મના આવશ્યકમાં ઉત્કૃષ્ટે ૧૧ પ્રતિમાઓ ધારણ કરે છતાં તે બધો ધર્મ સરસવનાં દાણા જેવો- જેટલા કહ્યો છે તેની સામે સંયમી સાધુ મહાત્માનો ધર્મ મેરૂ જેટલો કહ્યો છે. ગૃહસ્થપણામાં પ્રધાનતા દાનાદિ ધર્મની અને સાધુપણામાં અભયદાનની કહી. આ મુજબ જિનાજ્ઞા આવશ્યક આપણને લાગે તો જિનવયણે વાત્સલ્ય સમજી શકાય. સાધુપણું લઈ નિષ્પાપ જીવન, અભયદાન યુક્ત જીવન જીવી શકાય, એની સામે ગૃહસ્થનું છ જીવનિકાયના કુટા સ્વરૂપ પાપમય જીવન જિનવચન - જિનાજ્ઞા સિવાય જીવી રહ્યું છે. આ સંસારના પાપથી છૂટવા અને મોક્ષ પામવા સાધુ ભગવંતો જ્ઞાનદાનાદિ કરતા હોય છે. છતાં ગૃહસ્થો ખા-પી ભોગ પ્રત્યે પ્રેમ ઉભો રાખી, મનમાની રીતે ધર્મ

કરવાની રૂચીવાળા હોવાથી જિનવચણે વાત્સલ્ય સ્વરૂપ આજ્ઞા રૂચી ઉડી ગઈ છે તેથી સમજુ જીવ તેવી આજ્ઞારૂચી ટકાવી રાખવા અને તેવું જીવન જીવવાના યત્ન દ્વારા જે કોઈ પોતાની જાત ઉપર કષાયાદિ કરે તેને પ્રશસ્ત કષાય કહ્યો, પૂણ્યથી મળતી સામગ્રીઓ ખરાબ ન લાગે ત્યાં સુધી કષાય સમાવવાનું સામર્થ્ય પ્રગટતું નથી. ક્રોધને કારણે ક્રોડ પૂર્વનું સંયમ જાય તે સમજી શકાય છે પણ મનગમતી રીતે જીવવાનો અને મનગમતી રીતે ધર્મ કરવાનો જે લોભ છે તે લોભ સંયમના પરિણામોને આવવા જ દેતો નથી. લોભને કષાય મનાય ખરા ? પરમાત્માના શાસનમાં કોઈપણ શાસ્રમાં અર્થ કામ ઉલેચવાનું અને મોક્ષ મેળવવા માત્રનું જ પ્રયોજન પ્રકાશ્યું છે. અર્થકામ કેવી રીતે મેળવવું ? તેને પ્રાપ્ત કરવાના ઉપાયો અને તેનો ઉપદેશાદિ કોઈએ આપ્યો નથી. લોભ પ્રગટથી એટલે મેળવવાની, લેવાની ભાવના જાગી. આના કારણે સત્વ હણાયું, સત્વ હણાવવનું કામ લોભે કર્યું, જયારે વિરતિ એટલે વિરામ પમવાનો, છોડવાનો ત્યાગ કરવાનો પરિણામ આવે અને જે છોડયું છે તેના વગર જીવન જીવવાની આવડત આવે તો સત્વ પેદા થયા વગર રહે નહિં. દાન આપવા છતાં પૈસો ભૂંડો - કચરા જેવો લાગ્યો છે ખરો ? આવા પરિણામ પણ જાગ્યા છે ખરા ? એટલે કે પૈસા વગર જીવાતું જીવન કેવી રીતે મળે? પૈસાનો પ્રેમ કઈ રીતે ટળે ? તેનો વિચાર કયારે કર્યો છે ખરા ? એ ટળે તો વિરતીના પરિણામ પેદા થાય. પૈસાનું મમત્વ છૂટે અને તેના પ્રત્યેનો પ્રેમ ટાળવા માટે કરાતું દાન એ શ્રેષ્ઠ દાન કહેવાય. પૈસો ભૂંડો નથી લાગતો પણ લગાડવા માટે પણ કરાતું દાન એ દાન છે. ઉપવાસ આદિ તપથી અણહારી પદ મેળવવા માટે અને આહાર સંજ્ઞા તોડવા માટે ઉપવાસ આદિ વ્રત- નિયમાદિ કરૂં છું તેવા પણ પરિણામ- વિચાર આવે ખરા ? ખરેખર આપણી વિચાર ધારા આપણે જ ફેરવવાની છે. તે કોઈ ફેરવવા આવવાના નથી. માટે જ આપણે જિનવચણે વાત્સલ્ય ભાવવાની જરૂર છે.

*અવતરણકાર- વિપ્રજ્ઞા.*

## આભયંકર, શંકર, શિવ, સુખકર જગત તારક અરિહંત દેવ તમારા શરણે હવે આવ્યું છું

રાગદ્વેષ, મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ, ભય, શોક, રતિ, અંતરાય, નિંદ્રા વગેરે.

અઢારે દોષોને સર્વથા દૂર કરીને તમે સંપૂર્ણ દશા પામ્યા છો. મને એ બધા દોષો વળગ્યા છે. ઘણા પાપ કરાવે છે. સુખમાં ધમાધમ અને દુઃખમાં ઘણી મુંઝવણ કરાવે છે. એના કારણે ‘હું જીવ હિંસા, જૂઠું, માન, માયા, લોભ વગેરે અઢારે પાપ કરીને ભારે થાઉં છું. પાપના ભારથી ભરેલો ચાર ગતિમાં આથડું છું, ચૌદ રાજલોકના એક એક આકારા પ્રદેશ ઉપર અનંતા જન્મ-મરણ કર્યા છે.

હવે આપના શાસનને નજીક આવીને આપના ચરણમાં રહેવા આવ્યો છું. મારું મિથ્યાતત્ત્વે સમકિત શુદ્ધ મળે, વિષમની બુદ્ધિ ટળે, કષાયથી જીવ પાછો વળે, પરિગ્રહની મમતા ખસે, આરંભના પાપથી પગલે પગલે બચું, દેશ વિરતિ શ્રાવકપણું પામું, આત્મબળ વધારી સર્વવિરતિ સહનશીલ બની સમતારસમાં રહું, ભવની વાસનાનો નાશ કરૂં.

સદાય આપની આજ્ઞાના પાલનમાં આનંદમગ્ન રહું, મારી આ આકાંક્ષા આપનાથી પૂરી થાય.

*- પૂ. આ. શ્રી માનતુંગસૂરીશ્વરજી મ. સા.*

# જાદુનો ખતરનાક ખેલ

આ છે દોઢ સદી પહેલાંની વાત. ૧૮૨૦ની સાલ હતી અને નવેમ્બર મહિનાની દસમી તારીખ હતી. પ્રખ્યાત જાદુગર લીન્સ્કી રંગમંચ પર પોતાની વિદ્યા મુક્તમને દેખાડી રહ્યા હતાં. પ્રેક્ષકગણમાં રાજકુમારે સ્થાન શોભાવ્યું હતું. જાદુવિદ્યાની કલામાં કેવા અદ્‌ભૂત ખેલનો સમાવેશ થાય છે તે બતાવવા લીન્સ્કી આતુર હતાં. રંગમંચ પર વિશ્વના સૌથી વધારે ખતરનાક ગણાતા જાદુ માટે તૈયારી થઈ ગઈ હતી.

પ્રેક્ષકોની નજર સમક્ષ સૌથી વધારે ખતરનાક ખેલ બતાવવા માટેનો તખ્તો ગોઠવાઈ ગયો. જાદુગરના જુવાન પત્ની માદામલીન્સ્કી પર ગોળી છોડવા માટે છ સૈનિકો બંદૂક તાકીને ઉભા હતાં. જાદુગરની આજ્ઞા થતાંની સાથે છ બંદૂકો ધાણ...ધાણ ઉઠવા તત્પર હતી.

માદામલીન્સ્કીએ આ ખેલમાં પૂર્વે ઘણીવાર ભાગ લીધો હતો. છતાં આજે તેના દિલમાં ફડક હતી. એક વર્ષ પૂર્વે તેમના બાળકનું અવસાન થયું હતું. હવે ફરીથી માતા થવાનો સંદેશ માદામલીન્સ્કીના દેહને મળી ગયો હતો. દિલમાં માતૃત્વની ફડક હતી કે કોઈ અજ્ઞાત ભયની ? માદામે પતિ સમક્ષ ભય પ્રદર્શિત પણ કર્યો, પરંતુ રાજકુમારને નારાજ કરાય ? હુકમ મળતાંની સાથે જ છ સૈનિકોએ કારતૂસ મોંથી તોડી બંદૂકમાં ભર્યા. સંજ્ઞા થતાંની સાથે છ બંદૂકો ફૂટી. અને જે ના બનવું જોઈએ તે બની ગયું. એક સાચી ગોળી છૂટી, માદામલીન્સ્કીનો દર્દભર્યો અવાજ આવ્યો, 'વહાલા સ્વામી, હું વીંધાઈ ગઈ છું' માદામનો આ છેલ્લો અવાજ હતો. તે સ્ટેજ પર ઢળી ગયા. પ્રેક્ષક ગણમાં પણ થોડાક બેભાન થઈ ગયા. માદામલીન્સ્કી બીજે દિવસે હોસ્પિટલમાં મૃત્યુ પામ્યા. તેમના જાદુગર પતિ દ્ લીન્સ્કીના મનની હાલત ગાંડા જેવી થઈ ગઈ. સમય પસાર થતાંની સાથે મન ફરીથી સ્થિર થયું. લીન્સ્કીએ આ ખતરનાક ખેલમાં શી ભૂલ કરી ? તેમની મુખ્ય ભૂલ એ હતી કે તેમણે સાથીદારની કુશળતામાં થોડો વધારે પડતો વિશ્વાસ રાખ્યો. સૈનિકોના સજજ થયેલા બંદૂકધારીઓને પૂર્વે તાલીમ આપવામાં આવી હતી. તે જમાનાની કારતૂસને બંદૂકમાં મૂકતાં પહેલાં કાગળનું સીલ તોડવું પડતું. આ સીલ તોડતી વખતે છએ સૈનિકોએ સાચી ગોળી મોંમાં સરકાવી દઈ સંતાડી રાખવાની હતી. આ ક્રિયામાં એક સૈનિક સાથીદાર ગાફેલ નીવડયો અને કરૂણ ઘટના સર્જાઈ. બંદૂકની ગોળી છાતી પર ઝીલવાનો કે દાંત વચ્ચે પકડવાનો જાદુ વિવિધ જાદુગરે કરેલો છે, તે છતાં તેમાં રહેલ ભયસ્થાનોથી બધા મહાન જાદુગરો સજાગ રહ્યા



છે. કાયમ કીર્તિ અપાવતો આ ખતરનાક ખેલ કયારે મોતની ભેટ ધરી દે તે કહેવાય નહીં. મહાન જાદુગર 'હરમાન ધ ગ્રેટ' આ ખેલ સેંકડો વખત કરી ચૂકયો હતો અને છતાં જીવતો રહ્યો હતો.

વીસમી સદીની શરૂઆતમાં બીજો એક મહાન જાદુગર આ ખતરનાક ખેલનો ભોગ થયો હતો. તે હતો યુંગ લીંગ શુ. હજારો લોકો જેણે આ જાદુગરનો ખેલ જોયો હતો તે એમ માનતા કે તે ચાઈનીઝ છે. આ જાદુગરનું ખરૂં નામ હતું વિલિયમ રોબિન્સ અને તે અમેરિકન હતો.

જાદુના ઈતિહાસમાં યુંગ લીંગ શું નુ સ્થાન મોખરે છે. ચીન દેશની પશ્ચાદ્ ભૂમિકાના સંદર્ભમાં તે એવો અદ્દભૂત ખેલ આપતો કે પશ્ચિમના લોકો કલ્પનામાં ચીનમાં આવી ગયાનો અનુભવ કરતાં. તે વખતે ચીનનો પ્રખ્યાત જાદુગર યુંગ લીંગ કુ પશ્ચિમના દેશોમાં પ્રખ્યાત થઈ ગયો હતો અને તેના મેનેજરો બીજા જાદુગરને એવો ખેલ કરવા 'ચેલેન્જ' આપતાં. અમેરિકન જાદુગર યુંગ લીંગ શુએ આવની ચેલેન્જનો રકાસ કરી બતાવ્યો અને ચાઈનીઝ જાદુગરથી પણ વધારે 'ચાઈનીઝ' જાદુનો ખેલ કરી બતાવ્યો.

ખ્યાત નામ જાદુગર યુંગ લીંગ શુ સફળતાના શિખરે હતાં અને શોકજનક સમાચાર વહેતા થયા. બંદુકની ગોળી ઝીલવાના ખેલ દરમિયાન લંડનમાં તે મૃત્યુને ભેટયો. વાયુ વેગે ફેલાઈ ગયેલા સમાચારને વાતાવરણે હજી પચાવ્યા ન હોતા ત્યાં વિશ્વના મહાન જાદુગર હુડીનીએ જાહેરાત કરી કે પોતે છાતી પર ગોળી ઝીલવાનો ખેલ કરશે. જગતના મહાન જાદુગર ભેગા થઈને એક 'ભવ્ય ખેલ' કરનાર હતાં. આ ખેલમાં હુડીનીએ ભાગ લીધો હતો. છાતી પર ગોળી ઝીલવાનો ખેલ આ પ્રોગ્રામમાં ઉમેરવાનો હુડીનીનો આશય હતો.

જયારે નિવૃત્ત થયેલાં મહાન જાદુગર હેરી કેલરે હુડીનીની જાહેરાત વાંચી ત્યારે તેણે તરત તેને પત્ર લખ્યો : વહાલા યુવાન, આ હૃદયપૂર્વકની સલાહ છે 'ડી એન બુલેટ કેચિંગ ટ્રીક' કરીશ નહીં. આ ખેલમાં હંમેશા એક ભય છે કે કોઈ મુર્ખ તેને 'સપડાવી' દેશે અમને હુડીની ગુમાવવો પાલવે તેમ નથી. ધંધામાં મોખરે રહેવા માટે તારી પાસે પૂરતી કરામતો છે. હેરી તારા વયોવૃદ્ધ મિત્ર કે જે તને પુત્ર સમાન ગણે છે તેની સલાહ માની, મહેરબાની કરીને આ ખેલ કરીશ નહીં હુડીની કેલરને અત્યંત આદરથી સ્વીકારતો. તેનો પત્ર વાંચી તે ગળગળો થઈ ગયો અને ગોળી ઝીલવાનો ખેલ પડતો મૂકયો.

ગોળી ઝીલવાનો ખેલ કરવાની વિવિધ રીતો છે તેમાંની કેટલીક રીતો પ્રમાણમાં સલામત પણ છે છતાં એકંદરે આ ખેલ ભયજનક રહે છે. કદાચ જાદુગર તૈયારીમાં નિષ્ફળ ના જાય, તો પણ તેનો કોઈ દુશ્મન પરિસ્થિતિનો લાભ ઉઠાવી વેર લે તેવી શકયતાઓ આ ખેલમાં વધારે રહેલી છે. માનવ મન વિશે વધારે પડતો વિશ્વાસ રાખવો જાદુગરને પાલવે ખરો ? આ ખતરનાક ખેલ કરવા હજી પણ જાદુગર પ્રેરાય છે. સફળતાની સીડી પર ઝડપી કૂદકો મારવા ઈચ્છતાં કે કંઈક અદ્દભૂત કરી બતાવવા આતુર જાદુગરો આ ખતરનાક ખેલ અજમાવે છે.

મીલબોર્ન ક્રિસ્ટોફર નામનો જાદુગર દાંત વચ્ચે બંદૂકની ગોળી પકડવાનો ખેલ કરે છે. જયારે તે આ ખેલ કરે છે ત્યારે તેની પત્ની આંખ મીંચી દે છે. ખુલેલી આંખ પતિને જીવતો જોઈ આનંદમાં નાચી પત્નીના હર્ષાશ્રુને વેગ આપે છે.

જાદુના ઈતિહાસને જાણકારી કઈ પત્ની પોતાના જાદુગર પતિને ખતરનાક ખેલ અજમાવવાની છૂટ આપે ? કદાચ છૂટ આપવી પડે તો તેનું દિલ એ છૂટની સાથે હોઈ શકે ખરૂં ?

*- સંદેશ.*

*- આત્મા માટે સાચા સાહસ કરતાં શીખવું જોઈએ.*

# સમાચાર સાર

**શ્રી ગિરનાર તીર્થની ગોદ - જૂનાગઢમાં શાસન પ્રભાવના**

પરમ પૂજ્ય વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય કમલરત્ન સૂરીશ્વરજી મહારાજાના શિષ્ય રત્ન પરમ પૂજ્ય પ્રવચન પ્રભાવક આચાર્ય દેવ શ્રીમદ્ વિજયદર્શનરત્ન સૂરીશ્વરજી મહારાજા, સાધુ- સાધ્વી આદિઠાણા ૧૨નો વિક્રમ સંવત ૨૦૬૨ અષાઢ સુદ ૫ તા. ૩૦-૬-૨૦૦૬ ને ભવ્ય પ્રવેશ થયેલ. ચાતુર્માસમાં ઉપદેશ માલા અને જૈન રામાયણ ગ્રંથ અષાઢ વદ ૩ તા. ૧૩-૭-૦૬થી પ્રારંભ થયેલ. (૧) ગુરુ પૂજનની બોલી બોલીને શા ચુનીલાલ ગીરધરલાલ પરિવાર નવાંગી ગુરુપૂજન કરેલ. (૨) ઉપદેશ માલા સામરદાસ કુલચંદ વસા પરિવારે વહોરાવેલ, (૩) જૈન રામાયણ મનસુખભાઈ હરખચંદ કોરડિયા પરિવારે વહોરાવેલ. (૪) જ્ઞાનની અષ્ટ પ્રકારી પૂજા -સૂર્યકાન્ત દેવચંદ પટવા પરિવારે બોલી બોલી જ્ઞાનની અષ્ટપ્રકારી પૂજા સ્વદ્રવ્યથી કરેલ. (૫) જ્ઞાનની પહલી પૂજા ચિમનભાઈ સંઘવી, બીજી સૂર્યકાન્ત દેવચંદ પટવા, ત્રીજી પૂજા ચુનીલાલ ગિરધરલાલ પટવા ચોથી પૂજા તારાચંદ પુરુષોત્તમ શેઠ, પાંચમી પૂજા ધીરુભાઈ જે. શાહ. આજે પ્રભાવના ચીનુભાઈ ગોડી પરિવારે કરેલ. અષાઢવદ ૧૪ તા. ૨૪-૭-૨૦૦૬ની પરમ પૂજ્ય ભારત દિવાકર આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની ૧૫મી સ્વર્ગતિથિ નિમિત્તે ત્રણ દિવસનો મહોત્સવ થશે. ગુણાનુવાદ થશે. અષાઢ વદ ૧૨ શનિવાર તા. ૨૨-૭-૨૦૦૬ હીરાભાઈ તરફથી પંચકલ્યાણક પૂજા, અષાઢ વદ ૧૩ રવિવાર તા. ૨૩-૭-૨૦૦૬ ને ગિરનારની ૧૨ નવાણું ના આરાધક ભદ્રકાંતભાઈ તરફથી મોટી નવાણું પ્રકારી પૂજા તથા અષાઢ વદ ૧૪ તા. ૨૪-૫-૨૦૦૬ ને પાંચ ટ્રસ્ટી તરફથી સત્તરભેદી પૂજા થશે.

**શ્રી ગિરનાર તીર્થની તલેટીમાં પધરામણી**

પ. પૂ. સુવિશાલગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના પરમપૂજ્ય વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયકમલરત્ન સૂરીશ્વરજી મ.સા.ના વિદ્વાન શિષ્યરત્ન પ.પૂ. પ્રવચન - પ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજય દર્શનરત્નસૂરીશ્વરજી મ.સાને આગ્રહ ભરી વિનંતિ થતાં પૂજ્યશ્રી શ્રાવણ સુદ - ૩ તારીખ ૨૬-૦૭-૨૦૦૬ને વાજતે ગાજતે શ્રી નેમિદેવગુણ જૈન ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત કચ્છી ભુવનમાં પધારેલ. ત્યાં મુંબઈ થી ૪૦૦ ભાવુકો શ્રી નેમિનાથ પ્રભુ ના જનકલ્યાણકની આરાધના - અઠ્ઠમ આદિ કરવા પધારેલ. ત્યાં દેરાસરમાં ચૈત્યવંદન પછી માંગલિક તથા પ્રવચન થયેલ. ગુરુપૂજનની બોલી બોલી ગુરુપૂજન થયેલ. ગુરુપૂજનની રકમ દેરાસરમાં વાપરવાનું જાહેર થયેલ. તથા નિશાબેન સુરેશચંદજી દીક્ષાર્થીના બહુમાનની બોલી બોલયેલ. અને બહુમાન થયેલ. બહુમાન વખતે દીક્ષાર્થીની જય જયકારના નારાઓથી વાતાવરણ ગુંજી ઉઠેલ. બપોરે ઉવસગ્ગ હરં મહાપૂજનમાં નિશ્રા આપી પૂજ્યશ્રી જુનાગઢ પધારેલ તથા ત્રણે દિવસ સાધ્વીજી તિર્થીતપ્રજ્ઞા શ્રીજી સુશિષ્યા સાધ્વીજી સુવિનીત દર્શિતાશ્રીજી ત્રણ દિવસ નિશ્રા આપશે.

શ્રાવણસુદ ૪ તા. ૨૭-૦૭-૨૦૦૬ના શ્રીનેમિનાથ જિન મહાપૂજન તથા શ્રાવણ સુદ ૫ તા. ૨૮-૦૭-૨૦૦૬ શ્રી ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન થશે. શ્રાવણ સુદ-૬ તા. ૨૯-૦૭-૨૦૦૬ અઠ્ઠમ તપ.

**ભીલડી તીર્થમાં પ.પૂ. વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય કમલરત્ન સૂરીશ્વરજી મ.સા. આદિની શુભ નિશ્રામાં ઉજવાયેલ**

**ભવ્ય દીક્ષા મહોત્સવ**

પરમ પૂજ્ય વાત્સલ્યનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહાબલ સૂરીશ્વરજી મ.સા.ના શુભ આશીર્વાદથી પ.પૂ. વર્ધમાન તપોનિધિ આ.દેવ શ્રીમદ્ વિજય કમલરત્ન સૂરીશ્વરજી મ.સા., પ.પૂ. વ્યાકરણ વિશારદ આ.દેવ શ્રીમદ્ વિજય દર્શનરાજ સૂરીશ્વરજી મ.સા., પ.પૂ. ન્યાયવિશારદ આ.દેવ શ્રીમદ્ વિજય અજિતરત્ન સૂરીશ્વરજી મ.સા આદિની શુભ નિશ્રામાં પિન્કીબેન જોમતરાજજી તથા લક્ષ્મીબેન જવાનમલજીનો દીક્ષા મહોત્સવનો વર્ષીદાનનો ભવ્ય વરઘોડો તથા ૧૦૮ પાર્શ્વનાથ અભિષેક મહાપૂજન મહા વદ ૯ તારીખ ૨૨-૨-૨૦૦૬ના થયેલ તથા દીક્ષા વિધિ વિક્રમ સંવત ૨૦૬૨ મહા વદા ૧૦ ગુરુવાર દિ. ૨૩-૨-૨૦૦૬ ને થયેલ.

પિન્કીનું નામ સાધ્વી ધર્મપ્રજ્ઞા શ્રીજી તથા લક્ષ્મીનું નામ સાધ્વીજી લોકેશપ્રજ્ઞાશ્રીજી તથા બંનેને સા. વીતરાગ દર્શિતાજીના શિષ્યા થયેલ.

પિન્કી બેનનું ઉછામણી :- વિદાય તિલકઃ ઢેબચંદજી ચંદનમલજી, ચુનીલાલજી કાતરવા, કામલીઃ વાસ્તિમલજી પ્રગાજી થરાવાલા, કપડોઃ શાન્તેમલરાજ ગણેશમલજી, સાડોઃ

ચમનાજી હેમાજી ભડથવાલા, પાત્રાઃ ચમનાજી હેમાજી ભણશાલી, તરપણી : શા જોમતરાજ ગણેશમલજી, આસનઃ જોમતરાજ ગણેશમલજી, સંથારોઃ બાબુલાલ ગણેશમલજી ઉત્તરપટ્ટોઃ માંગીલાલજી ગણેશમલજી, દાંડોઃ દેવીચંદજી સરૂપજી, દંડાસણઃ શા.રાજમલજી અમીચંદજી, સૂપડીઃ શા. મિશ્રીમલજી કસ્તુરજી, ચરવલીઃ મણિબેન જામરારજી, નૌકારવાલી : શા જોમતરાજ ગણેશમલજી, પુસ્તકઃ શા. ચમનાજી દેવાજી ભડથ.

મુમુક્ષુ લક્ષ્મીબેનની ઉછામણી :- વિદાય તિલકઃ ભંવરલાલજી વીરાજી કાંકરિયા, કામલીઃ શા. કિરણમલજી જવાનમલજી, કપડોઃ વાસ્તિમલજી દેવરાજજી, સાડોઃ માંગીલાલજી ગણેશમલજી, પાત્રાઃ શા. લીલાદેવી પુનમચંદજી (કોરડાવાળા, કુડા) તરપણી : શા ચંપાલાલજી વીરાજી કોયડા, આસનઃ કિરણરાજ જવાનમલજી, સંથારાઃ અમીચંદજી હંસાજી જેગોલવાલા, ઉત્તરપટ્ટોઃ માંગીલાલજી ગણેશમલજી, દાંડોઃ શા પારસમલજી ગણેશમલજી, દંડાસણઃ શા પદમાજી હેમરાજ, સૂપડીઃ શા. હસ્તિમલજી ચુનીલાલજી, ચરવલીઃ ગણેશમલજી હંસાજી, નૌકારવાલીઃ શા. માંગીલાલજી ગણેશમલજી, પુસ્તક : શા. લીલાદેવી પુનમચંદજી કોરડા.

**જામનગરઃ** ઓશવાળ કોલોની ચોમાસાનું પ્રવેશ અષાડ સુદ ૪ ને ગુરૂવાર

પરમ પૂજ્ય હાલાર ઉદ્ધારક આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય જિતેન્દ્ર સૂરીશ્વરજી મહારાજાના શિષ્યો ઉપાધ્યાય યોગીન્દ્ર વિજય ગણીવર તથા મુનિ શ્રી અવિચલેન્દ્ર વિ.મ. આદિ નું ચોમાસાનું ઓશવાળ કોલોનીમાં ઠાઠમાઠથી પોલીશ ચોકી થયું હતું. પ્રવેશ પેલા વેલજી દેપાર હરણીયાને ઘેર પધારતા ગુરુ પૂજન તથા સંઘ પૂજન કરેલ. ત્યારબાદ ઓશવાલ હોસ્પીટલમાં માંગલીક રાખેલ ને પ્રભાવના કરેલ, ત્યાંથી ઓશવાળ કોલોનીમાં પધારેલ લોકો સારી સંખ્યામાં હતા ને પાંચ રૂપિયાનું સંઘ પૂજન થયેલ. ઉપાધ્યાય યોગીન્દ્ર વિ.મ.ના વર્ધમાન તપોનિધિ દિવ્યાનંદ વિજય મહારાજે ચોમાસામાં શું આરાધના કરવી તે સારી રીતે સમજાવેલ. તથા મુનિ શ્રી પ્રશામાનંદ વિજય મહારાજે ચોમાસાના કર્તવ્ય સમજાવી પ્રવેશમાં તથા વ્યાખ્યાનમાં આવનાર સંઘને હરખચંદ દેવશી ગુઢકા તરફથી લાભ લીધેલ - વાવબેરાજાવાળા.

**જામનગર :** ૪૫ દિગ્વિજય પ્લોટમાં ચોમાસાનું પ્રવેશ અષાડ સુ-૫ શુક્રવાર

પરમ પૂજ્ય આત્માર્થી આચાર્ય ભગવંત વિજય જયંત શેખર સૂરીશ્વરજી મહારાજના શિષ્ય રત્ન વર્ધમાન તપોનિધિ તપસ્વી રત્ન મુનિશ્રી દિવ્યાનંદ વિ.મ. ૧૦૦+૧૦૦+૫૮ ઓળીના આરાધક, પોલીશ ચોકી, ૪૫, દિગ્વિજય પ્લોટમાં ધામધુમ પૂર્વક પ્રવેશ થયેલ, તે પહેલાં ઓશવાળ હોસ્પીટલમાં માંગલીક કરેલ ને તથા પ્રભાવના થયેલ ઉપાશ્રય પધારતા વિમલનાથ ભગવાનના દર્શન કર્યા બાદ પૂજ્યશ્રી વ્યાખ્યાનમાં સમજાવેલ કે જેમ વરસાદ પડે ને ખેડૂત ખેતરમાં અનાજ વાવે તો તેને ફળે તેવી રીતે ચોમાસામાં વિશેષ આરાધના થાય માટે સાધુ મહારાજની વિનંતી સંઘ કરે છે પણ આરાધનાનો લાભ લેશે તો લાભ થશે બાકી ચોરાસીના ચકરમાં ફરવાનું છે. વ્યાખ્યાનમાં જુદા જુદા ભાવીકો તરફથી સંઘપૂજન રૂ. ૩૦ પ્રભાવના થઈ હતી.

**જામનગર :** શાન્તિભુવનમાં ચોમાસાનો પ્રવેશ અષાડ સુ. ૭ ને સોમવાર :

વર્તમાન ગચ્છાધિપતિ પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયહેમભૂષણ સૂરીશ્વરજી મહારાજને ચોમાસાની વિનંતી કરતાં મુનિ શ્રી પ્રશમાનંદ વિજય આદિ ઠાણા ૩ ને આપીને જય બોલાવેલ ત્યારબાદ રાજકોટથી વિહાર કરીને જામનગર પધાર્યા. ધામધુમપૂર્વક અષાડ સુદ ૭ ને સોમવાર પ્રવેશ થયો. જામનગર વ્યાખ્યાન બાદ ભાવિકો તરફથી ગુરુ પૂજન, સંઘ પૂજન, પ્રભાવના થયેલ. પૂજ્યશ્રીએ ભાવિકોને સમજાવેલ કે આરાધના કરશો તો આત્મ કલ્યાણ થશે, બાકી સંસારમાં રખડવાનું છે.

### બેંગલોર નગરથ પેઠ ચાતુર્માસ પ્રવેશ

પૂ.પા. શ્રી લબ્ધિ ભુવનતિલક સૂરિ પટ્ટધર ગચ્છાધિપતિ દક્ષિણ હિતાકર પૂ.આ. શ્રી વિજય અશોકરત્ન સૂ., પ.પૂ.આ. શ્રી અમરસેન સૂ.મ. ઠા. ૪ પૂ. સા. શ્રી જિતેન્દ્રશ્રીજી મ. ઠા.૧૦નાં અષાડ સુદ ૩ના શ્રીસંઘના ઉત્સાહ સાથ સસ્વાગત પ્રવેશ ૧૭૦૦ માણસો, લાડુ-સેવની પ્રભાવના ગુરુ ભકતો તરફથી પેંડના બોકસની પ્રભાવના. સુ.૧૦ના શ્રાવિકા ઉપાશ્રયનું ઉદ્ઘાટન અને નામકરણ વિધાન, સંઘ ભકિત. સુ. ૧૪ના ચાતુર્માસ પર્વ આખ્યાન પૌષધ પ્રભાવના વદ ૬ વ્યાખ્યાનમાં ઉપદેશમાલા અને ધન્ય ચરિત્રનું વાંચન, ગ્રંથ વ્હોરાવાના, જ્ઞાન પૂજન, ગુરુ પૂજન આદિ. આ.શુ. ૫ના પૂ.આ. શ્રી લબ્ધિ સૂરીશ્વરજી મ.ની પૂણ્યતિથિ નિમિત્તે શાન્તિસ્નાત્ર મહોત્સવ સમિતિ અને પર્યુષણ પર્વ આરાધના

નિમિત્તે આમંત્રણ પત્રિકા બહાર પડી છે. અ.વ. ૭-૮થી બૃહદ શંખેશ્વર પાર્શ્વનાથ તપ શરૂ જેમાં ૧૦ છઠ ૧૦ બેયાસણાં અને શ્રા.વ. ૯-૧૦નો અઠ્ઠમ બિયાસણાની વ્યવસ્થા થઇ ગઇ છે. પૂ.આ. શ્રી અમરસેન સૂ.મ.ના વ્યાખ્યાનમાં જનતા સારો લાભ રહી છે. બહારગામથી પધારતા મહેમાનોની ભક્તોની વ્યવસ્થા સંઘ તરફથી થઇ રહી છે. સંપર્ક : આ. અશોકરત્ન સુ.મ. પો. બેંગલોર નગરથપેઠ, શ્રી અજિતનાથ જૈન મંદિર, નગરથપેઠ.

### કર્જતમાં આરાધનાની ધૂમ

કર્જતમાં સહુ પ્રથમવાર ચાતુર્માસમાં ચતુર્વિધ સંઘનો મેળો જામ્યો છે. દરરોજ સવારે ૯થી ૧૦ સુધી પ્રવચનપ્રભાવક પૂજ્ય પન્યાસપ્રવર શ્રી રત્નસેન વિજયજી મ.સા.નું ધર્મબિંદુ ગ્રંથ ઉપર પ્રેરણાદાયી પ્રવચનો ચાલે છે. દરરોજ રાત્રે ૮-૩૦થી ૯-૩૦ સુધી ભાઇઓ માટે 'જૈન ધર્મના ગહન રહસ્યો' ઉપર હૃદયસ્પર્શી પ્રવચનો થાય છે જેમાં યુવા વર્ગ સારી સંખ્યામાં જોડાયેલ છે. દર શુક્રવારે માર્કેટ બંધ હોવાથી સવારે ૯થી ૧૧-૩૦ સુધી જાહેર પ્રવચનો થાય છે જેમાં જૈન - અજૈન ભાઇ-બહેનો સારી સંખ્યામાં લાભ લઇ રહ્યા છે. દર રવિવારે બાલકોના જીવન સંસ્કરણ માટે બપોરે ૩થી ૫ સુધી તરૂણ સંસ્કરણ જ્ઞાનસત્રનું આયોજન ચાલુ છે. સંઘમાં વિવિધ તપશ્ચર્યાઓ પણ ચાલુ છે. ચાતુર્માસ પછી ૫ ડિસેમ્બરથી પૂજ્યશ્રીની તારક નિશ્રામાં આદીશ્વાર ધામ સિવનસઇ મધ્યે શ્રીમતી રૂવીબેન પુખરાજજી બોકરિયા- ખિમેલ રાજ. નિવાસી હાલ ભાયખલા મુંબઇ તરફથી મહામંગલકારી ઉપધાન તપની આરાધના નક્કી થયેલ છે.

### પરમ પૂજ્ય, પ્રવચન પ્રભાવક આચાર્ય દેવ શ્રીમદ્ વિજય દર્શનરત્ન સૂરીશ્વરજી મહારાજાની શુભ નિશ્રામાં જુનાગઢમાં શાસન પ્રભાવના

પરમ પૂજ્ય શાસન પ્રભાવક, સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાની ૧૫મી વાર્ષિક તિથિની ઉજવણી નિમિત્તે પરમ પૂજ્ય વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય કમલરત્ન સૂરીશ્વરજી મહારાજા સાહેબના શિષ્યરત્ન પ.પૂ. વ્યાકરણ વિશારદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય દર્શનરત્ન સૂરીશ્વરજી મહારાજ સાહેબની શુભ નિશ્રામાં ત્રણ દિવસનો મહોત્સવ અષાઢ વદ ૧૨ તા. ૨૨-૭-૨૦૦૬ ને પ્રારંભાયો. એ મહોત્સવની ગામોગામ કંકોત્રી લખીને નિમંત્રણ પાઠવવામાં આવેલ.

વિક્રમ સંવત અષાઢ વદ ૧૨ તા. ૨૨-૭-૨૦૦૬ ને પંચકલ્યાણક પૂજા હીરાલાલ જેસુખલાલ કોરડીયા તરફથી ભણાવાયેલ. આજથી ત્રણે દિવસો પ.પૂ. ભારતદિવાકર આ. દિ. શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના ગુણાનુવાદ થયેલ. અષાઢ વદ ૧૩ તા. ૨૩-૭-૨૦૦૬ ના ગુણાનુવાદનું પૂજ્યનું શ્રીના પ્રવચન પછી ગુરુ ગુણ સ્તવન દિનેશભાઇ તથા શશીકાન્તભાઇએ ગાયેલ. ત્યારપછી હીરાલાલ જેસુખલાલ કોરડીયાએ ગુણાનુવાદ કરેલ અને ગુરુ ગુણની ગહુલી ગાવામાં આવેલ. ત્રણે દિવસ મહોત્સવમાં ભવ્ય અંગરચના થયેલ. આજે અત્રેના વતની ભદ્રકાન્તભાઇ જે મહાતપસ્વી છે જેણે પૌષધમાં શત્રુંજય તીર્થની ૬ ગાઉની ૧૦૮ યાત્રા, તથા શ્રી શત્રુંજય તીર્થની ૫ નવાણું યાત્રા તથા ગિરનાર તીર્થની ૧૧થી વધુ નવાણું યાત્રા કરેલ છે. દરેક જાત્રા પૌષધમાં કરેલ છે તે નિમિત્તે ભદ્રકાંત લવચંદ ટોલીયા પરિવાર તરફથી આજે નવાણું પ્રકારી પૂજા ભણાવાયેલ.

અષાઢ વદ ૧૪ સોમવાર તા. ૨૩-૭-૨૦૦૬ ને અત્રેના પાંચ ટ્રસ્ટીઓ તરફથી આજે નવાણું પ્રકારી પૂજા ભણાવાયેલ. આજે વ્યાખ્યાનમાં ગુણાનુવાદ પ્રવચન પછી અત્રેના વકીલ ચીમનભાઇ, દિનેશભાઇ તથા સહસાવન તીર્થના મેનેજર શશીકાંતભાઇએ ગુણાનુવાદ કરેલું તથા દિનેશભાઇ તથા શશીકાન્તભાઇએ ગુરુ ગુણગીત ગાયેલ. આજે આયંબિલ કરાવવામાં આવેલ.

આયંબિલમાં દરેકને ૧૫વી સ્વર્ગ તિથિ નિમિત્તે ૧૫ રૂપિયાની પ્રભાવના થયેલ. તથા વ્યાખ્યાનમાં પ્રાણલાલ વચ્છરાજભાઇ તરફથી ૨ રૂા., હિંમતલાલ પેથરાજ તરફથી ૧ રૂા., રમેશભાઇ દેસાઇ તથા શશીકાન્તભાઇ તરફથી ૧-૧ રૂા. કુલ ૫ રૂપિયાની પ્રભાવના થયેલ. અત્રે આસો વદ ૧૦થી તા.૨-૧૦-૨૦૦૬ થી ઉપધાન શરૂ થનાર છે. ગિરનાર તીર્થની ગોદમાં ઉપધાન કરવાનો મોકો ઓછો મળે છે. ગિરનાર તીર્થમાં ઉપધાન તપ એ પણ જીવનનો લ્હાવો છે. જેઓએ ઉપધાન કરવાની ભાવના હોય તેઓએ નીચેના સરનામે નામ નોંધાવવું. શ્રી જુનાગઢ જૈન શ્વેતાંબર મુર્તિ પૂજક તપગચ્છ સંઘની પેઢી, હેમાભાઇનો વંડો, ઉપરકોટ રોડ, જૂનાગઢ ૩૬૨૦૦૧ (ગુજરાત) ફોન૦૨૮૫-૨૬૨૨૦૨૪.

અત્રે પર્યુષણ પર્વની આરાધના કરવી હોય તેઓએ પણ ઉપરના સરનામે પધારવાનું નિમંત્રણ પાઠવેલ છે.


હું આજ નગરીમાં બાર વર્ષથી કોઈક હવેલીમાં રહ્યો. તેમા મારી ચાર પત્ની હતી. અને ચાર બાળકો હતા. જોઈને ઓળખી શકું છું.
૧૪૧
૧૪૨
તમે ત્યાં કેવી રીતે પહોંચ્યા હતા ? શું તમને કાંઈ ખબર છે.
૧૪૩
ના હું કાંઈ નથી જાણતો. કોઈક કારણથી રાત્રિના મને ત્યાં લઈ જવામાં આવ્યો. મારૂ કામ પુરૂ થયા પછી મારો ત્યાગ કર્યો.
ઠીક છે હું યોજના કરી તમારી પત્ની અને બાળકોને ગોતી આપીશ. તમે થોડા દિવસ ધીરજ રાખો.
૧૪૪
અભયકુમાર બુદ્ધિનો બેતાજ બાદશાહ હતો. તેને નગરની બહાર એક ભવન બનાવ્યું. તેના બે રસ્તા હતા. તે ભવનની વચ્ચે કૃતપુણ્યની આબેહુબ પ્રતિમા બનાવીને રાખી દીધી.
૧૪૫

# પરિમલ

- પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

* પ્રતિબોધ પામવાને યોગ્ય તે ગણાય, કે જેનામાં પોતાના દોષને સાંભળવાની પહેલી તાકાત હોય અને દોષને સાંભળીને પણ દોષને કાઢવાની ચીવટ આવે એવું જેનું હૈયું હોય.

* દોષને સાંભળવાની સાથે જ, દોષ કહેનારના ઉપર ગુસ્સો જેને આવે તે ગુણને પામી શકે નહિં.

* પૈસા માટે, સુખ માટે અનીતિ- અન્યાયાદિ કરાય જ નહિં, તે સંસ્કાર ભૂંસાઇ જવાથી બહુ જ નુકસાન થયું છે.

* આજે દાન દેનારને માનપત્ર આપે પણ પોતાને દાન આપવાનું મન ન થાય.

* આજે આપણે સુખને અને પૈસાને એટલી બધી કિંમત આપી છે કે તે ખાતર ધર્મ જ ભૂલી ગયા.

* જ્યાં સુધી પાપ પાપ ન લાગે, અધર્મ, અધર્મ ન લાગે ત્યાં સુધી તમે મંદિરાદિમાં કેમ જાવ છો તે શંકા છે!

* પૈસા અને સુખ માટે પાપ કરવાની ટેવ પડી છે, તે કયારે છૂટે તે માટે મંદિરે જાવ છો ? ઘર છોડવાની, સાધુ થવાની, ભગવાન થવાની વાત પછી પણ આટલું તો થાયને?

* આજે મોટોભાગ પાપથી બચવા મંદિરે નથી જતો પણ પોતે જે અન્યાયાદિ પાપ કરે છે તે મજેથી ફળે માટે જાય છે!

* 'ભગવાને કહેલ કરવાની તાકાત આવે, તેમને જે ખોટું કહ્યું તે છોડી દઈએ, જે સારું કહ્યું તે આચરવા માંડીએ તો જ અમે ભગવાનના સાચા ભગત કહેવાઈએ, તે માટે જ અમે ભગવાનને માનીએ અને મંદિરે જઈએ છીએ- આમ પણ કે લા કહે?'

* સમ્યક્ત્વ એટલે અનંત જ્ઞાનીના વચનો પર અવિહડ શ્રદ્ધા!

* શ્રદ્ધા હોય પછી વિવેક થાય. પછી [illegible] યા કરે તે કિંમતી છે. કાં શ્રદ્ધા અને વિવેક મેળ વવા ક્રિયા કરે તે કિંમતી છે.

* તમે જે પૈસા લો તે કયાં વાપર્યા તેન હિસાબ મુનીમ, શેઠ, બાપ કે વડિલને આપવાનું નક્કી કરો તો જે ખોટા પાપ, ખરાબ કામ કરત હશો તે બંધ થઈ જશે.

* હાથી પર અંકુશ હોય તો, ઘોડા પર લ ામ હોય તો ફેરવાય છે. તેમ માણસ લગામ વ રનો હોય તો કોઈ જગ્યાએ ઉભો ન રખાય.

* જેને ઉપકારી માનીએ તેનાથી કાંઈ છૂપું રાખવું નથી તેમ નક્કી કરો તો બ્રેક લાગે!

* આપણે જે ભૂમિકામાં બેઠા છીએ, તે ભૂમિકાને ન છાજે તેવો અધર્મ કે એક કામ આપ [illegible]થી ન થાય- આવી પણ આપણી બુદ્ધિ છે?

* જગત અધર્મના માર્ગે જાય તો ધર્મા મા પણ અધર્મના માર્ગે જાય?

* પૈસાની ઈચ્છાવાળો વેપાર- નોકરી અ દિ ન કરે તેવો કોઈ એક મળે? તેમ ધર્મ શા માટે કરો?

* થોડું ખર્ચીને અધિક નામના લેવી તે પણ એક જાતનું ભિખારીપણું છે!

* આજે મોટોભાગ ધર્મમાં કૃપણ છે પણ દુનિયાની લહેર કરવા ઉદાર છે, તેનું તેને દુઃખ પા ા નથી!

(ક્રમશઃ)

જૈન શાસન અઠવાડીક માલિક : શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતા - ગેલેકસી ક્રિએશનમાંથી છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું